પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૬૫, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૮-૦૩-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 165 PRICE :-RS. 1.50 DATE : 08-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)


### આખરે સરકાર ઝુકી....

## ખેડૂતોનુ સન્માન જાળવવા સરકાર નવા કૃષિ કાયદામાં સુધારા કરવા તૈયારઃ કૃષિ મંત્રી

ન્યુ દિલ્હી,

ખેડૂત આંદોલનને ૧૦૦ દિવસ થઈ ચુક્યા છે અને દિલ્હી બોર્ડર પર ખેડૂતોનુ આંદોલન ચાલુ છે.દિલ્હીની ટ્રેક્ટર રેલીમાં થયેલી હિંસા બાદ તો સરકાર અને ખેડૂતો વચ્ચેની વાતચીત પણ બંધ થઈ ચુકી છે.

આ સંજોગોમાં હવે કેન્દ્રના કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે કહ્યુ છે કે, સરકાર ખેડૂતોનુ સન્માન કરે છે અને કૃષિ કાયદામાં ફેરફાર કરવા માટે પણ તૈયાર છે.



જોકે તેમણે વિપક્ષો પર આરોપ પણ મુક્યો છે કે ,ખેડૂતોના હિતોને નુકસાન પહોંચાડવા માટે રાજનીતિ કરી રહ્યા છે.તેમણે કહ્યુ હતુ કે, કૃષિ સેક્ટરમાં રોકાણ વધારવા માટે અને ખેડૂતોને તેમની ખેત પેદાશો કોઈ પણ જગ્યાએ વેચવા માટે નવા કાયદા બનાવાયા છે.જેના થકી ખેડૂતોને તેમની ઉપજની યોગ્ય કિંમત મળશે.હું માનુ છુ કે, લોકશાહીમાં વિરોધ અને અસહમતિને પણ જગ્યા છે પણ વિરોધ દેશને નુકસાન થાય તે કિમતે કરવાનો હોય તો તે બરાબર નથી. તોમરે કહ્યુ હતુ કે, લોકશાહી છે તો રાજનીતિ માટે પણ બધાને સ્વતંત્રતા છે પણ ખેડૂતોને મારીને રાજનીતી કરવામાં આવશે, દેશની કૃષિ વ્યવસ્થાને બાજુ પર મુકીને પોતાના ઈરાદા પૂરા કરવામાં આવશે?તેના પર નવી પેઢીએ વિચાર કરવાની જરુર છે. નવા કાયદાથી ખેડૂતો એ પાક લઈ શકશે જેને બજારમાં વધારે કિંમતે વેચી શકાય છે.

તોમરે કહ્યુ હતુ કે, ખેડૂત આંદોલનથી ખેડૂતોને શું ફાયદો થશે તેના પર કોઈ વાત કરવા માટે તૈયાર નથી.નવા કાયદામાં શું ખામી છે તે બતાવવામાં ખેડૂત નેતાઓ જ નહીં પણ વિપક્ષો પણ નિષ્ફળ ગયા છે.સરકાર તેમાં સુધારા માટે તૈયાર છે પણ તેનો અર્થ એ પણ નથી કે નવા કાયદામાં કોઈ ખામી છે.પીએમ મોદીના નેતૃત્વ હેઠળની સરકાર ખેડૂતોના કલ્યાણ માટે કટિબધ્ધ છે.સરકારની પ્રાથમિકતા ખેડૂતોનુ સન્માન જાળવી રાખવાની છે .આ માટે સરકાર કાયદામાં સુધારા કરવા માટે તૈયાર છે.

## મમતા દીદીએ બંગાળ સાથે વિશ્વાસઘાત કર્યો છેઃ મોદી

કોલકાત્તા,

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતાની સાથે જ ખરાખરીનો રાજકિય જંગ જામ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળના કોલકાતા પહોંચ્યા હતા. જ્યાં તેઓ બ્રિગેડ મેદાનની અંદર વિશાળ જનસભાને સંબોધી હતી. આ સાથે જ વડાપ્રધાને ભાજપ તરફથી ચૂંટણી અભિયાનનો શંખનાદ કર્યો છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોલકાતાના બ્રિગેડ મેદાન ખાતેથી વિશાળ રેલીને સંબોધતા કહ્યું કે, 'બંગાળની આ ધરતીએ આપણા સંસ્કારોને ઉર્જા આપી છે. બંગાળની આ ધરતીએ ભારતની આઝાદીના આંદોલનમાં નવા પ્રાણ ફુંક્યા છે. બંગાળની આ ધરતીએ જ્ઞાન-વિજ્ઞાનમાં ભારતનું ગૌરવ વધાર્યું છે.'

વડાપ્રધાને કહ્યું કે, 'બંગાળથી નીકળેલા મહાન વ્યક્તિત્વોએ એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવનાને સશક્ત બનાવી. બંગાળની આ ધરતીએ એક કાયદો, એક નિશાન, એક પ્રધાન માટે બલિદાન આપનારા સપૂતો આપ્યા. આવી પાવન જમીનને હું નમન કરૂં છું.'

'બ્રિગેડ ગ્રાઉન્ડની આસપાસ એક તરફ સ્વામી વિવેકાનંદજીનું જન્મસ્થળ છે. બીજી બાજુ નેતાજી સુભાષ ચંદ્ર બોઝનું નિવાસ સ્થાન છે. એક તરફ મહર્ષિ ઓરોબિન્દોનું જન્મ સ્થળ છે તો બીજી બાજુ શ્યામા પ્રસાદ મુખર્જીનું જન્મ સ્થળ છે.'

વડાપ્રધાને કહ્યું કે, 'બંગાળે પરિવર્તન માટે મમતા દીદી પર વિશ્વાસ મુક્યો હતો. પરંતુ દીદી અને તેમના કેડરે આ વિશ્વાસ તોડી નાખ્યો. આ લોકોએ બંગાળનો વિશ્વાસ તોડ્યો. આ લોકોએ બંગાળને અપમાનિત કર્યુ. અહીંની બહેન દીકરીઓ પર અત્યાચાર કર્યા. 'આ વખતની વિધાનસભા ચૂંટણીમાં એક બાજુ TMC છે, લેફ્ટ-કોંગ્રેસ છે, તેમનું બંગાળ વિરોધી વલણ છે અને

(અનુ.પાના.નં.૨)

## સીંગતેલના ભાવમાં કડાકો યથાવત, ૫ દિવસમાં ૩૫ રૂપિયા ઘટ્યા

વડોદરા,

ગત ચોમાસામાં ભારે વરસાદ અને મગફળીની અનુરૂપ વરસાદ વરસતા મગફળીના બમણાં ઉત્પાદન થયું હતું આમ છતાં સિંગતેલના ભાવમાં તેલ મિલરોએ શરુઆતથી જ ગત વર્ષની સાપેક્ષે ડબ્બે રૂા. ૪૦૦ થી ૫૦૦ ઉંચા ભાવ કરી દીધા હતા જેમાં ફરી એકવાર નજીવા ઘટાડાનું વલણ જોવા મળ્યું છે. ગત પાંચ દિવસમાં ૧૫ કિલોના નવા ડબ્બાના ભાવમાં રૂા. ૩૫ નો ઘટાડો નોંધાયો છે. ગત તા. ૨૬ ફેબ્રુઆરીએ રૂા. ૨૪૭૦ થી ૨૫૨૦ ના મહત્તમ ભાવે પહોંચેલ તેલના ડબ્બાનો ભાવ આજે વધુ રૂા.૧૦ ઘટ્યો છે. હવે સીંગતેલના ભાવનો રૂા. ૩૪૩૫૩૫ થી ૨૪૮૫માં સોદા થયા હતા. આ સાથે તો કપાસિયા તેલ ઉલટું પાંચ દિવસમાં રૂા.૧૦ મોંઘુ થયું છે અને તેનો મહત્તમ ભાવ રૂા.૧૯૬૫ થી ૧૯૯૫ રહ્યો છે.



જો સિંગતેલના ભાવ રૂા. ૨૨૦૦ થી નીચે જાય તો તેની ઘરાકી પણ વધવાની પૂરી શક્યતા છે અને તેમાંય કપાસિયા તેલના ભાવ ઉંચા હોય તો ઘર વપરાશ માટે લોકો પહેલી પસંદગી સિંગતેલને આપે તેવી શકયતા છે. સિંગતેલની નિકાસના પગલે બેફામ ભાવવધારી દેવાયા છે પરંતુ જયા નિકાસ થાય છે ત્યાં સીંગતેલ પેદા થવા લાગતા કે માંગ ઘટવાથી સ્થાનિક માંગ ટેકો આપતી હોય છે અને સ્થાનિક માંગ તેના અસહ્ય ઉંચા ભાવ થી લાંબા ગાળા માટે ઘટી જતી હોય છે, કપાસિયા તેલનું ચલણ સીંગતેલ મોંઘુ થતા જ વધ્યું છે.

મહત્વનું છે કે જે રીતે ગત વર્ષે સારા વરસાદને કારણે મગફળીની મબલખ આવક થઈ છે જેને કારણે સિંગતેલના ભાવમાં નોંધપાત્ર ઘટાડો હોવો જોઈએ પરંતુ મગફળીની મબલખ આવક હોવા છતાં પણ સિંગતેલના ભાવ દિવસેને દિવસે વધી રહ્યા હતા જોકે છેલ્લા પાંચ દિવસથી ડિઝલના ભાવમાં ઘટાડો નોંધાતા આશા સેવાઈ રહી છે કે આવનારા દિવસોમાં પણ સિંગતેલના ભાવ ઘટી શકે છે.

## આજથી સંસદના બીજા સત્રનો પ્રારંભ થશેઃ ૮ એપ્રિલે થશે સમાપ્ત

ન્યુ દિલ્હી,

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આવતીકાલે એટલે કે સોમવારથી શરૂ થશે. સંસદના બજેટ સત્રના પ્રથમ તબક્કાની શરૂઆત ૨૯ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના સંબોધનથી થઈ હતી. બજેટ સત્રનો પ્રથમ ભાગ ૨૭ ફેબ્રુઆરીએ સમાપ્ત થયો. બજેટ સત્રના પહેલા ભાગમાં કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામને ૧ ફેબ્રુઆરીએ સંસદમાં કેન્દ્રીય બજેટ રજૂ કર્યું હતું. બજેટ સત્રનો બીજો તબક્કો ૮ માર્ચે શરૂ થશે અને ૮ મી એપ્રિલના રોજ સમાપ્ત થશે.



બજેટ સત્રના પહેલા તબક્કાની જેમ આ વખતે પણ કોરોનાને કારણે

(અનુ.પાના.નં.૨)



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

૮ મી માર્ચ મહિલા દિવસ
CHOOSE TO CHALLENGE


શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે આપણે સંકલ્પ કરીએ કે
ગુજરાતની મહિલાઓ ઉત્તમ સમાજના નિર્માણ માટે કટિબદ્ધ બને, ભ્રૂણહત્યા અટકાવીએ...
મહિલાઓનું ગૌરવ અને સન્માન વધે એ દિશામાં સૌના સાથ સૌના વિકાસને સાર્થક બનાવીએ.

સશક્ત નારી - સશક્ત ભારત

ઘરેલુ હિંસા, શંકા-કુશંકા, દારૂડિયા પતિનો ત્રાસ, દહેજ, છૂટાછેડા,
બાળકોની સોંપણી, સ્ત્રી ધન જેવા સામાજિક પ્રશ્નોનું નિરાકરણ નારી અદાલતો દ્વારા કરવામાં આવે છે.

મહિલા સશક્તિકરણ માટે લેવાયેલાં પગલાં

- વર્ષ ૨૦૨૦-૨૧ માં મહિલા આયોગ અને નારી અદાલતો માટે રૂા.૮૩૮.૪૮ લાખની જોગવાઈ
- તાલુકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં ૨૭૦ નારી અદાલતો કાર્યરત
- નારી અદાલતો દ્વારા ૨૦૦૦૦ થી વધુ કેસોનો નિકાલ
- મહિલાઓના લગ્નજીવન સંબંધિત સમસ્યાઓના કેસો અંગે આયોગમાં ૬૭૦૦ થી વધુ કેસોની સુનાવણી કરી
- મહિલા આયોગ દ્વારા મહિલાઓના લગ્નજીવન તેમજ અન્ય સંબંધિત ૨૨૦૦૦ થી વધુ અરજીઓનો નિકાલ
- ૨૮ યુનિવર્સિટી સેમિનારમાં ૩૧૦૦૦ થી વધુ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને આપી કાયદાઓની જાણકારી
- તાલુકા કક્ષાએ ૩૪૨ નારી સંમેલનમાં ૧,૭૦૦૦૦થી વધારે મહિલાઓએ ભાગ લીધો
- જિલ્લા કક્ષાએ ૧૨૧ કાયદા શિબિરોમાં ૬૦,૦૦૦ સ્થાનિક સ્વરાજયની ચૂંટાયેલ મહિલા પ્રતિનિધિઓએ ભાગ લીધો
- આયોગના મહિલા હેલ્પલાઈન નં. ૧૮૦૦ ૨૩૩ ૧૧૧૧ દ્વારા ૪૩૦૦૦ મહિલાઓનું કાઉન્સેલીંગ કરવામાં આવ્યું
- N.R.I મેરેજ સંબંધિત ૧૫૦ થી વધુ કેસોની કાર્યવાહી કરવામાં આવી
- આયોગના સોશિયલ કાઉન્સિલર દ્વારા ૨૯,૦૦૦ મહિલાઓનું કાઉન્સેલીંગ કરવામાં આવ્યું
- લોકડાઉનના સમયગાળા દરમ્યાન ૫૧ થી વધુ વેબિનાર યોજ્યા અને મહિલાઓને કોવિડ-૧૯ની માહિતી આપવામાં આવી
- ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષશ્રીને રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા "કોવિડ વૂમન વોરિયર્સ ધ રીયલ હિરોઝ" ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા
- ઈન્ડિયન નેશનલ બાર એસોસિએશન દ્વારા ભારતની ૧૦૦ શકિતશાળી મહિલાઓના સર્વેમાં ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષશ્રીને સ્થાન મળેલું છે.

હેલ્પલાઈન નંબર : ૧૮૦૦ ૨૩૩ ૧૧૧૧

મહિલાઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

લીલાબેન અંકોલિયા
અધ્યક્ષા
ગુજરાત રાજ્ય મહિલા આયોગ ગાંધીનગર

# સંતરામપુરમાં બિનઉપયોગી જમીનમાં વિવિધ ઔષધિઓનો ઉછેર

સંતરામપુર, લુણાવાડા આપણી આજુબાજુ ક્યાય થોડી પણ જમીન ઉપલબ્ધ હોય ત્યારે તેનો સુંદર અને મહત્તમ ઉપયોગ કેવી રીતે કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ સંતરામપુર તાલુકાના સરસણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રએ પુરૂં પાડીને અન્યને પ્રેરણા પૂરી પાડી છે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

આહાર અને પોષણ સાથે સંકળાયેલા તબીબોની ભલામણ મુજબ શરીરની તંદુરસ્તી માટે પુખ્ત ઉમરના વ્યકિતએ દરરોજ પોતાના ખોરાકમાં ૩૦૦ ગ્રામ તાજા અને સારી ગુણવત્તાવાળા લીલા શાકભાજી લેવા જોઈએ. હાલમાં બજારમાં મળતા મોટા ભાગના શાકભાજીમાં રસાયણયુકત ખાતરો, ઝેરી જંતુનાશક દવાઓના અવશેષો કે ગટરના પાણીના ઝેરી ક્ષારો હોવાની શકયતાઓ રહેલી છે. જે માનવજીવનના આરોગ્ય માટે નુકશાનકારક સાબિત થતી હોય છે. તેટલું જ નહીં પણ આવા દૂષિત શાકભાજી ખાવાથી આપણા શરીરની તંદુરસ્તીને પણ લાંબે ગાળે વિપરિત અસર થતી હોય છે.

જેથી માનવજીવનના આરોગ્યને દયાને લઇ માનવજીવનની તંદુરસ્તી જળવાઇ રહે અને સમાજમાં એક તંદુરસ્ત સંદેશ પહોચાડવાના ઉદ્દેશ્ય સાથે સંતરામપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સરસણ દ્વારા કેન્દ્રની આસપાસની બિનઉપયોગી જમીનમાં ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કર્યા વગર સંપૂર્ણ ઓર્ગેનિક પદ્ધતિથી લોહીના શુધ્ધિકરણમાં ઉપયોગી એવા ટામેટા, આંખોનું તેજ વધારનાર અને મોતીયા સામે રક્ષણ આપનાર ગાજર જેવા ઔષધિય વનસ્પતિઓ જેવાં કે બીટ અને ધાણાનો ઉછેર કરીને સમાજમાં એક સંદેશો પાઠવ્યો છે કે આસપાસમાં બિનઉપયોગી જમીનમાં ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કર્યા સિવાય ઓર્ગેનિક પદ્દિતથી આવા ઔષધિઓનો ઉછેર કરી શકાય છે.

# સંતરામપુર નગરમાં પ્રધાનમંત્રી જન ઔષધી સપ્તાહની ઉજવણી




સંતરામપુર, સંતરામપુર નગરમાં પ્રધાનમંત્રી જન ઔષધી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. સંતરામપુર નગરમાં પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્ર પર સપ્તાહ ઉજવણી કરવામાં આવેલી હતી અને તમામને ચેક અપ કરીને દવાનું વિતરણ કરવામાં આવેલું હતું ભારત સરકારની જન ઔષધી કેન્દ્ર નું આ યોજનાનું માર્ગદર્શન અને જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંતરામપુર ના ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોર જિલ્લાના પ્રમુખ દશરથભાઇ બારીયા નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખ અને ગામના અગ્રણીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લામાં આજે ૦૩ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૧૨૦ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર.બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ જિલ્લામાં કોરોના ના અત્યાર સુધીમાં એટલે કે તા.૦૭-૦૩-૨૦૨૧ના સાંજના ૪:૩૦ વાગ્યા સુધીમાં ૨૧૨૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૦૨૮ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૧૩૫૦૩૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૩૦ દર્દી હોમ આઇસોલેશન અને ૦૫ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૩ દર્દીઓ સ્ટેબલ અને ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

# સંતરામપુરમાં ભાજપા દ્વારા જીતેલા ઉમેદવારોનું સત્કાર સમારંભ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા કડાણા અને સંતરામપુર તાલુકાનું સંયુક્ત જીતેલા ઉમેદવારો જિલ્લા પંચાયત અને તાલુકા સભ્ય જંગી બહુમતીથી જીતેલા ઉમેદવારોનો સત્કાર સમારંભ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો આ કાર્યક્રમમાં સંતરામપુર ના ધારાસભ્ય કુબેરભાઈ ડીડોર મહિસાગર જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દશરથભાઈ બારીયા નગરપાલિકાના પ્રમુખ સુનીતાબેન ખાટ ઉપપ્રમુખ હિતેશભાઈ ઉપાધ્યાય સંખ્યાબંધ કાર્યકર્તાઓ સંગઠનના મિત્રો અને કડાણા અને સંતરામપુર તાલુકાના વિજય વિજય પ્રાપ્ત થયેલા ઉમેદવારોનો તેમનું સન્માન કરવામાં આવેલું હતું મહિસાગર જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દશરથભાઈ બળે જણાવ્યું કે મહિસાગર જિલ્લામાં પ્રમુખ ઉપપ્રમુખ અને તમામ પદોની વરણી કર્યા પછી તમોએ સરકારની તમામ યોજનાઓ લાભાર્થીના ઘર સુધી પહોંચાડવાની છે અને અને તેમના સંપૂર્ણ કામ કરવા માટેની જવાબદારી લેવાની છે એ રીતના અમે જવાબદારીપૂર્વક પ્રમુખ ઉપપ્રમુખ અને તમામ મુદ્દાની વરણી પણ કરીશું અને જવાબદાર વ્યક્તિને કામ પણ કરાવીશું.

# સંતરામપુર પાલિકા દ્વારા વિકાસના કામો માટે ૧૩ કરોડ મંજુર કરાયા

સંતરામપુર, સંતરામપુર નગરપાલિકા દ્વારા નગરના વિકાસના કામો માટે ૧૩ કરોડના કામો મંજૂર કરાયા ટૂંક સમયમાં વિકાસના કામોની કામગીરી હાથ ધરવામાં આવશે સંતરામપુર નગરપાલિકા દ્વારા ૧૪ માં નાણાપંચ અને સરકારની વિવિધ યોજનામાં વહીવટી મંજૂરી મળી ગયા અને એજન્સી અને સરકારની નીતિ નિયમ અને ગાર્ડન મુજબ નગરના વિકાસ માટે વિવિધ પ્રકારના કામો મંજૂર કરવામાં આવેલા હતા કડાણા ખાટી વીટી પમ્પ અને મારૂવાડા ખાતે સબમર્સીબલ પંપ મૂકવામાં આવશે રિલાયન્સ પેટ્રોલ પંપ થી સ્વામી વિવેકાનંદ સર્કલ સુધી રસ્તા રિફ્રેશિંગ નું કામ પ્રતાપપુરા વિસ્તારમાં નવા બગીચા નું ડેવલોપ કરવામાં આવશે નગરના અલગ-અલગ વિસ્તારમાં સફ્ફવિં બોક્સ નું કામ નગરના દરેક વિસ્તારોમાં વિવિધ લક્ષી અનુ કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખે જણાવ્યું હતું.

# ડો.સુજાત વલીના નેજા હેઠળ સકીનાબેન સુલતાનઅલી ગુલામહુસેનવાલા ચેરીટેબલ ટ્રસ્ટ હેઠળ ગોધરાની સહેલી પેડ્સ પ્રોજેક્ટ સેવાભાવી

ગોધરા, આજે મહિલા દીન છે. પંચમહાલ જીલ્લાની છેવાડામાં રહેતી અનેક મહિલાઓ પોતાની માસિક ધર્મ છુપાવે છે. અનેક કારોસર પોતાની આપત્તી જાહેર કરી શકતી નથી. અનેક છુપાવાના કારણોસર મહિલાઓનું આરોગ્ય જોખમાતુ હોય છે. આવા સમયે બિન સાંપ્રદાયક કામગીરી કરીને મહિલાઓને આરોગ્ય માટે એક આરોગ્યલક્ષી અભિયાન શરૂ કર્યુ છે. ઘણા વર્ષોથી નાત-જાત વિના હંમેશા મહિલાઓને આરોગ્યની કાળજી રાખનાર ગોધરાના જાણીતા ડો.સુજાત વલી દ્વારા મહિલાઓ પેડનો ઉપયોગ કરે અને પોતાની આરોગ્યની જાળવણી રાખે તેવી જાગૃતિ કરી રહ્યાં છે. કોરોનાની મહામારી વખતે આવી મહિલાઓને રોજગારી આપવા સાથે પેડનો ઉપયોગ કરે તે માટે હંમેશા મદદરૂપ થઇ રહ્યા છે. સ્ત્રીઓને માસિક ધર્મ સાથે સંકળાયેલ આરોગ્ય કાળજી રાખવા માટે એક માત્ર ગોધરાની જાણીતી સહેલીપેડ ભગીરથ કામગીરી કરી રહી છે. પંચમહાલ જીલ્લાના હિંદુ-મુસ્લિમ ધર્મની મહિલાઓને આવા સમયે મદદરૂપ થઇ રહ્યાં છે.

પંચમહાલ જીલ્લામાં આવેલા ગોધરા શહેરના એવા જાણીતા ડો.સુજાત વલીના નેજા હેઠળ સકીનાબેન સુલતાનઅલી ગુલામહુસેનવાલા ચેરીટેબલ ટ્રસ્ટ પંચમહાલ જીલ્લામાં શિક્ષણ, આરોગ્ય, વિજ્ઞાન અને સામુદાયિક વિકાસ જેવા મુદ્દાઓ પર કાર્યરત ૯ વર્ષ જૂની સ્વૈચ્છિક સંસ્થા છે. વર્ષ ૨૦૧૮ માં ગોધરા અને આજુબાજુના વિસ્તારોમાં મહિલા સશક્તિકરણ કરવા માટેનો પ્રોજેક્ટ સહેલી નામથી શરૂ કરવામાં આવેલી છે. સહેલીએ એકમાઈક્રો એન્ટરપ્રાઈઝ છે. જે ઓછા ખર્ચે ઈકો ફ્રેન્ડલી એવી સેનિટરી નેપકીન બનાવે છે અને તેમને શહેરી અને ગ્રામીણ વિસ્તારના ગરીબોને વ્યાજબી ભાવે આપવામાં આવે છે. આ પ્રોજેક્ટ ગોધરાના શહેરી ગરીબ મહિલાઓને પણ રોજગારી આપે છે અને તેમને આજીવીકા પ્રદાન કરે છે. અમે શાળાઓ અને માંગણવાડીઓમાં મહિલાઓના માસિક સમય દરમ્યાનની મુશ્કેલીઓનો સામનો કરવા અને માસિક સ્ત્રાવ આરોગ્ય વ્યવસ્થાપન (MHM) પદ્ધતિઓમાં સુધારો કરવા માટે તેમજ આરોગ્ય અને સ્વચ્છતા માટે શિક્ષણ કાર્યશાળાઓ કરીએ છીએ. આ પહેલનો ઉદ્દ MHM ઉત્પાદનો દ્વારા મહિલાઓના ગોવિંદા જીવનમાં સુધારો લાવવા તથા માસિક અને પ્રજનન સ્વાસ્થ વિષે જાગૃતિ લાવવાનો છે. જુના અને ગંદા ક્ષાના વારંવાર ઉપયોગ દ્વારા અપૂરતી સ્વચ્છતા જોવા મળે છે જેથી મહિલાઓના આંતરિક ભાગો ઉપર કોઇ રોગ/ચેપ ન લાગે તે જરૂરી છે. સ્ત્રીઓમાં આવી બીમારીઓ સામાન્ય જોવા મળે છે. અગાઉ તેમજ હાલમાં પણ કાપડનો ઉપયોગ કરવાથી અનેક રોગ થઇ શકે છે, જે માસિકસ્ત્રાવ દરમ્યાન મહિલાઓની પ્રગતિશીલતાને અવરોધે છે. આ ડો.સુજાત વલીના નેજા હેઠળ સકીનાબેન સુલતાનઅલી ગુલામહુસેનવાલા ચેરીટેબલ ટ્રસ્ટનો ઉદ્દેશ ગરીબ વિસ્તારોમાં પરવડે તેવા MHM ઉત્પાદનોને સુધારવાનો તથા પૂરો પાડવાનો છે. આવકનો ઉપયોગ વિનામૂલ્યે શાળાઓ અને કોલેજોમાં કિશોરીઓને સેનેટરી નેપકીન્સ આપવા માટે કરવામાં આવે છે, અત્યાર સુધી ૧૨ હાજરથી વધુ કિશોરીઓ અને મહિલાઓને સહેલી ઈકોન્ડિલી સેનેટરી પેડનું વિનામુલ્ય વિતરણ કરવામાં આવેલ છે.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

## પંચમહાલ જીલ્લા વહીવટી તંત્રે મહિલાલક્ષી કામગીરીને બિરદાવી

ગત વર્ષ દરમ્યાન કોરોનાની મહામારી ચાલી રહી હતી. તેવા સમયે ડો.સુજાત વલીના નેજા હેઠળ સકીનાબેન સુલતાનઅલી ગુલામહુસેનવાલા ચેરીટેબલ ટ્રસ્ટ હેઠળ અંકલેશ્વર મહાદેવ રોડ સ્થિત મકાનમાં મહિલાઓને રોજગારી આપવા સાથે આરોગ્યની કાળજી માટે દરકાર ડો.સુજાત વલી રાખી રહ્યા છે. આ બેરોજગાર મહિલાઓને રોજગારી આપવાનું એક ભગીરથ કામ કરીને મહિલાઓ માટે એક નમૂનારૂપ કામગીરી કરી રહ્યાં છે. પંચમહાલ જીલ્લા વહીવટી તંત્રએ પણ અગાઉ નોંધ લઈને આ મહિલાલક્ષી કામગીરી બિરદાવવામાં આવી રહી છે.

## આપની સહેલીની વિશેષતા

- વર્ષ ૨૦૧૮માં સ્થાપાયેલ બહેનો માટે અને બેરોજગાર મહિલાઓને રોજગાર પુરી પાડતી સંસ્થા.
- સ્ત્રીઓ માટે સ્ત્રીઓ દ્વારા સ્થાપવામાં આવેલ સ્ત્રીઓની સંસ્થા.
- ઓછા ખર્ચે પર્યાવરણને હિતને ધ્યાનમાં રાખીને સેનેટરી નેપ્કીન બનાવે છે.
- શેરી અને ગ્રામ્ય સ્ત્રીઓને ઓછા ખર્ચે તથા વ્યાજબી ભાવે સેનેટરી મેપ્કિન પહોંચાડે છે.
- સહેલી દ્વારા શાળાઓ, કોલેજોમાં, આંગણવાડીઆમાં, મહિલાઓ અને કુંવરીકાઓને માસિક દરમ્યાન સસ્તા આરોગ્ય અને મુશ્કેલીઓ અંગેના સેમિનારોનું આયોજન કરે છે.
- અત્યાર સુધીમાં ૧૮ હજાર કુમારીકાઓને વિના મુલ્યે સેનેટરી નેપ્કિલની વહેંચણી કરી છે.
- આ નેપ્કિલમાં ઉપયોગ કરવામાં આવતાં પ્લાસ્ટિક પાણી તથા માટીમાં ભળી જતાં હોવાથી પર્યાવરણને નુકસાન થતું નથી.

(પાન નં.૧ નું ચાલુ)

## મમતા દીદીએ બંગાળ......

બીજી બાજુ બંગાળની જનતા પોતે જ કમર કસીને ઉભી રહી ગઈ છે.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "માતા-માટી-માણસ સાથે વિશ્વાસઘાત પછી, આ લોકોએ એક નવો નારો લગાવ્યો છે. દીદી તમે માત્ર બંગાળની જ નહીં પરંતુ આખા ભારતની પુત્રી છો. થોડા દિવસો પહેલા, જ્યારે તમે સ્કૂટી સંભાળી, ત્યારે દરેક જણ પ્રાર્થના કરતા હતા કે તમે સુરક્ષિત રહો, તમને ઈજા ન થાય. સારું થયું કે તમે પડ્યા નહીં, અન્યથા જે રાજયમાં તે સ્કૂટી બનાવવામાં આવી છે, તે રાજયને પોતાનો દુશ્મન બનાવી દેત. જો સ્કૂટી દક્ષિણમાં બનેલી હોત, તો તેણે તેને શત્રુ બનાવ્યો હોત, જો તે ઉત્તરમાં હોત, તો તેણે તેને દુશ્મન બનાવ્યો હોત.તમારી સ્કૂટી ભવાનીપુર ગયા પછી નંદીગ્રામ તરફ વળી ગઈ. અમે દરેકનું સારું જ ઈચ્છીએ છીએ, એવું નથી ઈચ્છતા કે કોઈને ઇજા થાય. જ્યારે સ્કૂટીએ નંદીગ્રામમાં પડવાનું નક્કી જ કર્યું તો અમે શું કરીએ.''

વડાપ્રધાને કહ્યું કે, 'હું વિશ્વાસ અપાવવા આવ્યો છું કે, તમારા માટે, અહીંના નવયુવાનો માટે, ખેડૂતો, ઉદ્યોગ સાહસિકો, અહીંની બહેન-દીકરીઓના વિકાસ માટે અમે દિવસ-રાત ૨૪ કલાક મહેનતથી કામ કરીશું. અમે મહેનત કરવામાં કોઈ કમી નહીં રાખીએ. અમે દરેક પળ તમારા માટે જીવીશું. અમે દરેક પળ તમારા સપના માટે જીવીશું.'

'આજે બ્રિગેડ ગ્રાઉન્ડમાં તમારા લોકોનો હુંકાર સાંભળ્યા બાદ કોઈને કોઈ શંકા નહીં રહે. કેટલાક લોકોને તો આજે જ ૨ મે હોવાનું લાગી રહ્યું છે. બ્રિગેડ ગ્રાઉન્ડથી હું પરિવર્તનનો વિશ્વાસ અપાવવા જ આવ્યો છું. બંગાળના વિકાસ, બંગાળમાં પરિસ્થિતિ બદલવાનો અને રોકાણ વધારવાનો, બંગાળના પુનઃનિર્માણનો, બંગાળની સંસ્કૃતિના સંરક્ષણનો વિશ્વાસ અપાવવા આવ્યો છું.'

નરેન્દ્ર મોદીએ મમતા બેનર્જી પર નિશાન સાધતા કહ્યું કે તમે એક જ ભત્રીજાની ફઈ કેમ થયા? બંગાળના લાખો ભત્રીજા અને ભત્રીજીઓની આશાને ઠોકર મારીને માત્ર તમારા ભત્રીજાની લાલચ કેમ પુરી કરી? તમે પણ ભાઈ-ભત્રીજાવાદના એ કોંગ્રેસી સંસ્કારોને છોડી ના શકી, જેની સામે તમે બળવો કર્યો હતો. દીદી તમે માત્ર બંગાળ જ નહીં પણ પણ આ દેશની દીકરી છો. થોડા દિવસો પહેલા તમે સ્કૂટી ચલાવી હતા, ત્યારે બધાએ પ્રાર્થના કરી કે તમે સકુશળ રહો. સારુ થયું કે તમે સ્કૂટી પરથી પડ્યા નહીં, નહીંતર જે રાજ્યમાં સ્કૂટી બની હતી તેને તમે દુશ્મન ગણી લેત.

## આજથી સંસદના બીજા સત્રનો.....

સંસદના બંને ગૃહોની કાર્યવાહી જુદા જુદા સમયે લેવામાં આવશે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ માહિતી આપી હતી કે રાજયસભા સવારે ૯ થી બપોરે ૨ વાગ્યા સુધી ચાલશે જ્યારે લોકસભા સાંજના ૪ થી ૧૦ સુધી કાર્ય કરશે. તેમણે માહિતી આપી કે બજેટ સત્રનો બીજો ભાગ ૮ મી એપ્રિલે પૂરો થશે.

લોકસભા સચિવાલયએ જણાવ્યું હતું કે બજેટ સત્રના પ્રથમ તબક્કા દરમિયાન લોકસભામાં ૯૯.૫ ટકા ઉત્પાદકતા જોવા મળી હતી, જે બે ભાગમાં ચાલતી હતી. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ બજેટ સત્ર ૨૦૨૧ના પહેલા તબક્કા દરમિયાન કહ્યું હતું કે ૫૦ કલાકના નિર્ધારિત સમય સામે લોકસભા ૪૯ કલાક અને ૧૭ મિનિટ બેઠી હતી.

# ગોધરામાં આવકારો મીઠો સાહિત્યિક ડાયરો યોજવામાં આવ્યો




ગોધરા, ગોધરા શહેરના વૃત્તાંલય વિહારમ સ્વામિનારાયણ મંદિર ખાતે ગુજરાત રાજય સંગીત નાટય અકાદમી, ગાંધીનગર તેમજ શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ ગોધરાના સંયુક્ત ઉપક્રમે શનિવારના રોજ ગુજરાત ની અસ્મિતા આવકારો મીઠો સાહિત્યિક ડાયરો યોજવામાં આવ્યો હતો. આ ડાયરો શ્રી સ્વામિનારાયણ શીખરબદ્ધ મંદિર ના પવિત્ર સભામંડપ માં પદ્મશ્રી સ્વ.કાગબાપુની કાગકથા ના અનુસંધાનમાં આવકારો મીઠોના ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.જેમાં શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીના રજિસ્ટાર ડો.અનિલ સોલંકી, ડો.કુમાર જૈમીની શાસ્ત્રી, અરવિંદસિંહ બારીઆ સહિત ગોધરા શહેરના અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને લોકગાયક ડો.નિર્મલદાન ગઢવી અને ડો.હાર્દિક ગઢવીએ પોતાના સુર અને શબ્દો દ્વારા ઉપસ્થિત હરિભક્તો ભાઈઓ અને બહેનોને મંત્રમુગ્ધ સાથે રસ તરબોળ કર્યા હતા. આ પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણ દેવયુવક મંડળના ગોપાલભાઈ પટેલ, હેમંતભાઈ પટેલ, અંકિતભાઈ પટેલ, જતિનભાઈ પટેલ અને નીતિનભાઈ પટેલ તેમજ અન્યો દ્વારા સાહિત્યિક ડાયરાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# કાલોલ જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો પર વિજેતા થયેલા ઉમેદવારોનો સન્માન સમારંભ યોજાયો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ તાલુકાના મલાવ કૃપાળુ આશ્રમ ખાતે કાલોલ જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો જીતનારા ભાજપના તમામ સભ્યોનું સન્માન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કાલોલ મતવિસ્તારના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ પંચમહાલ જીલ્લાના પૂર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ પંચમહાલ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ ડોક્ટર યોગેશકુમાર પંડ્યા કાલોલ તાલુકા ભાજપ પ્રમુખ નરેન્દ્રસિંહ ગોહિલ કાલોલ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ તેમજ તાલુકાના ભાજપ સંગઠનના મહામંત્રી મંત્રી તેમજ અન્ય હોદ્દેદારો આગેવાનો હાજર રહી વીજય બનેલા તમામ ઉમેદવારોને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૮-૦૩-૨૦૨૧, સોમવાર, મહા વદ-૧૦, સૂર્યોદય-૬-૩૯, સૂર્યાસ્ત-૬-૧૮, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : ધન (ભ.ધ.ફ.ઢ.), નક્ષત્ર: પૂર્વાષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૮.૦૩.૨૦૨૧ સોમવાર

મેષ(અ.લ.ઈ.) :- જુના સંબંધોને લઈને તમો આજે અસ્વસ્થ રહેશો. નકારાત્મક વિચારો ટાળજો રોજીંદ કાર્યને પ્રાધાન્ય આપવુ.
વૃષભ(બ.વ.ઉ.) :- આધ્યાત્મિક અનુભૂતિ થાય ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા વધવાની. જુના પ્રશ્નોનું નિરાકરણ શકય બને વિદેશથી લાભ.
મિથુન(ક.છ.ઘ.) :- ભાઈ-બહેનો સાથે સુમેળ વધવાનો આત્મવિશ્વાસ વધવાનો ખર્ચ ઉપર કાબુ રાખવો વિજાતીય સંબંધોમાં જાળવવું.
કર્ક(ડ.હ.) :- હકારાત્મક અભિગમ સફળતા તરફ લઈ જશે તેવી યોજનામાં સફળતા સ્વાસ્થ્ય બાબત સાધરણ નબળો સમય રહે.
સિંહ(મ.ટ.) :- મિત્રો સાથે સંપર્કો જાળવવી રાખજો રાજકીય લાભો મલે. નોકરીમાં બદલી પ્રમોશનમના ચાન્સ યાત્રા પ્રવાસ થાય.
કન્યા(પ.ઠ.ણ.) :- સ્થળાંતરની ઈચ્છા ફળવાની આવકનું પ્રમાણ જળવાઈ રહેશે. વિજાતીય મિત્રતાગાઢ બને કાનૂની પ્રશ્નો ટાળવા.
તુલા(ર.ત.) :- નવી યોજના હાથ ઉપર લેવા માટે અનુકુળ દિવસ રહેશે નોકરીમાં મનગમતી જગ્યા મલવાની વિદેશથી લાભ.
વૃશ્ચિક(ન.ય.) :- સ્વાસ્થય બાબતના પ્રશ્નો દૂર થશે. તન્દુરસ્તીમાં સુધારો સીઝનલ ધંધામાં લાભ ધાર્મિક યાત્રા પ્રવાસ લાભદાયક રહે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- અધિકારીઓ સાથેના ગેર સમજો દૂર થવાની નવી યોજના વિશે ચર્ચા વિચારણા થાય આત્મ વિશ્વાસ વધારવો.
મકર(ખ.જ.) :- કાર્યભાર ટાળજો પાચનતંત્રને લગતી તકલીફો રહે કર્મચારી વર્ગનો સહકાર મલવાનો રાજકીય વ્યકિતની મુલાકાત થાય.
કુંભ(ગ.શ.સ.) :- વ્યકિતત્વનો લાભ મલવાનો જુના પ્રશ્નોનું નિરાકરણ શકય બને જમીન મકાનના કાર્યોમાં સફળતા રહે. પ્રવાસ થાય.
મીન(દ.ચ.ઝ.) :- જવાબદારીઓ લેવી પડે આવકની સાથે ખર્ચ પણ રહેવાનો લેખન કાર્યમાં અનુકુળતા રહે. સંસ્થામાં હોદ્દો મેળવશો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લામાં ૪૦,૦૦૦થી વધુ નાગરિકોએ રસી મુકાવતાં જિલ્લો ગુજરાતમાં મોખરે

દાહોદ,

૫ માર્ચે એક જ દિવસમાં ૧૦,૦૦૦ નાગરિકોને રસી આપી વિક્રમ સર્જાયો આ પહેલાં જ ૨૮,૦૦૦થી વધુ કોરોના વોરિયર્સનું રસીકરણ પૂર્ણ કરી દેવાયુ છે.

દાહોદ જિલ્લામાં કોરોનાના રસીકરણની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ત્રીજા તબક્કામાં સીનીયર સીટીઝન તેમજ ૫૦ વર્ષથી ઉપરના વિવિધ બીમારીઓથી પીડાતા દર્દીઓને કોરોનાની રસી અપાઇ રહી છે. ત્યારે કોરોના કાળમાં દાહોદ જિલ્લાએ એક વધુ કિર્તીમાન સ્થાપિત કર્યુ છે.જેમાં ૪૦,૦૦૦ થી વધુ સામાન્ય નાગરિકોને રસીકરણ કરી સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ હરોળમાં પહોંચી ચુક્યો છે.તેમાંયે અક જ દિવસમાં ૧૦૦૦૦ નાગરિકોને રસી આપવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં સરકારી આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં ૨૮૩૫ દર્દીઓ નોંધાઇ ચુક્યા છે.તેમાંથી ૨૭૨૧ દર્દી સ્વસ્થ થયા છે જ્યારે ૯૩ દર્દીઓ કોરોના અને કોરોના સહિતની વિવિધ બીમારીઓને કારણે મૃત્યુ પામ્યા છે.હાલમાં એક્ટીવ કેસ ૧૫ જ છે. જિલ્લામાં છેલ્લા દોઢ માસથી રોજે રોજ એકાદ બે કેસ જ નવા નોંધાઇ રહ્યા છે.તેથી કેટલાયે દિવસો પછી ૬ માર્ચે ત્રણ કેસ નોંધાયા છે. બીજી તરફ જિલ્લામાં રસીકરણની કામગીરી પણ યુધ્ધના ધોરણે ચાલી રહી છે.

જિલ્લામાં કલેક્ટર વિજય ખરાડીની સૂચના અને ડીડીઓ રચિત રાજના માર્ગદર્શનમાં રસીકરણ તારીખ ૧૬ જાન્યુઆરીથી શરૂ કરવામાં આવ્યુ હતુ. જેમાં સૌ પ્રથમ કોરોનાની રસી આરોગ્ય કર્મીઓને અપાઇ હતી. ત્યાર બાદ વહીવટી તંત્ર તેમજ પોલીસ વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓને રસી અપાઇ હતી. તેમાંના ઘણાં બધાએ રસીનો બીજો ડોઝ પણ લઇ લીધો છે કારણ કે ૨૮ દિવસમાં તે લઇ લેવાનો હોય છે. જેથી હાલમાં જ કલેક્ટર અને અસપીએ પણ બીજો ડોઝ લીધો હતો. આમ જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૮૦૦૦ કરતા વધુ કોરોના વોરિયર્સને રસી મુકી દેવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં હવે રસીકરણનો ત્રીજો તબક્કો શુ થઇ ચુક્યો છે. જેમાં ૬૦ વર્ષથી ઉપરના વયોવૃદધ નાગરિકો અને ૫૦ વર્ષથી વધુ વયના ડાયાબીટીશ કે બ્લડ પ્રેશરની બીમારીતી પીડાતા હોય તેવા દર્દીઓને રસી આપવામાં આવી રહી છે. ત્યારે ૫ માર્ચે આ કામગીરીમાં સાગમટે ૧૦૦૦૦ જેટલા વ્યક્તિઓનું રસીકરણ કરી દેવામાં આવ્યુ હતુ. તારીખ ૬ માર્ચના રોજ પણ બપોર સુધીમાં ૪૦૦૦ જેટલા નાગરિકોને રસી આપવામાં આવી હતી. ૫ માર્ચે તાલુકાવાર કરાયેલું રસીકરણ તાલુકો સંખ્યા દાહોદ ૨૬૩૧ ગરબાડા ૦૯૦૭ ધાનપુર ૦૭૧૩ દે.બારીયા ૦૭૩૦ ફતેપુરા ૧૧૪૬ લીમખેડા ૦૭૪૦ ઝાલોદ ૧૪૦૩ સંજેલી ૦૫૬૪ સીંગવડ ૦૭૪૨ ખાનગી દવાખાના ૦૧૧૪ કુલ ૯૬૯૦ ભારતભરમાં ૫ માર્ચે કુલ ૧૦ લાખ નાગરિકોનો રસી અપાયાના અહેવાલ છે. ત્યારે આ દિવસે દાહોદ જિલ્લામાં ૧૦ હજારને રસી અપાઇ હતી. જિલ્લામાં અત્યાર સુધીમાં વિવિધ બીમારીઓ ધરાવતા ૪૫થી ૫૯ વર્ષના ૮૯૫૩ દર્દીઓ તેમજ ૬૦ વર્ષથી વધુ વયના ૩૧,૧૫૦ મળી કુલ ૪૦,૧૦૩ નાગરિકોને રસી આપીને જિલ્લાએ ગુજરાતમાં મોખરાનુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. મહાનગરોને બાદ કરતાં જિલ્લાઓની સરખામણીમાં પ્રથમ નંબરે જિલ્લો પહોંચી ચુક્યો છે.




દાહોદ જીલ્લાના દેવગઢબારીયા તાલુકા ના મોટીઝરી ગામે શોર્ટ સર્કિટ થી લાગી આગ. મોટીઝરી ગામના આદિવાસી ફળીયા માં રતન રણછોડ ડામોર ના ઘરે ઘાસ ના માંડવા માં આગ લાગતા બે ગાય સહિત બે બકરા નું મોત જયારે નજીક માં ખેતર માં ચીમનભાઈ જવરાભાઈ બારીયા ના ખેતર માં પણ આગ લાગતા મોટુ નુકશાન થયું હતું. બનાવ ની જાણ દેવગઢબારીયા ફાયર વિભાગ ને કરતા તુરંત આવી આગ ઓલવવા ની કામગીરી હાથ ધરી હતી.

# દે.બારીઆના પીપલોદ ગામેથી ત્રણ બાઇકોની ચોરી

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામેથી એકજ રાત્રીમાં એક સાથે ૩ મોટરસાઈકલોની ઉઠાંતરી થતાં પંથકમાં વાહન ચોર સક્રિય થયેલ ટોળકીના આ આતંકને પગલે ખળભળાટ સાથે આક્રોશ ફેલાવા પામ્યો છે ત્યારે બીજી તરફ દાહોદ શહેરમાંથી પણ એક મોટરસાઈકલ ચોરાઈ હોવાની ફરિયાદ નોંધાતાં આ ચોરી થયેલ મોટરસાઈકલને સંબંધે દેવગઢ બારીઆ અને દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે વાહન ચોર ટોળકીને ઝબ્બે કરવાની તજવીજ હાથ ધરી છે.

પીપલોદ ગામે રહેતા વિજયભાઈ જનીયાભાઈ રાઠવા, પીપલોદ બસ સ્ટેશન વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા વિજયકુમાર રમેશભાઈ અમલીયાર અને પીપલોદ બજારમાં શ્રીજી સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા પ્રદિપસિંહ અરૂણસિંહ રાઠોડ આ ત્રણેય વ્યકિતઓને પોત પોતાની મોટરસાઈકલને ઘરના આંગણે ગત તા.૦૨મી માર્ચના રોજ લોક મારી પાર્ક કરી હતી. આ ત્રણેય મોટરસાઈકલોને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલોના લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ સંબંધે વિજયભાઈ જનીયાભાઈ રાઠવાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી મોટરસાઈકલ ચોર ટોળકીને ઝબ્બે કરવાના ચક્રોગતિમાન કર્યાં છે. મોટરસાઈકલ ચોરીનો એક બનાવ દાહોદ શહેરમાં પણ બનવા પામ્યો છે જેમાં દાહોદ ચાકલીયા રોડ અનાજ ગોડાઉનની સામેથી લક્ષ્મણભાઈ માંગીલાલ મીણાની પણ મોટરસાઈકલની ઉઠાંતરી થતાં આ સંબંધે લક્ષ્મણભાઈ મીણા દ્વારા પણ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# સીંગવડના ડુંગરપુરની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

સીંગવડ,

સીંગવડ તાલુકાના ડુંગરપુર ગામેથી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. ડુંગરપુર ગામે રહેતો વિમલભાઈ શૈલેષભાઈ રાઠોડે ગત તા.૨૧મી ફેબ્રુઆરીના રોજ સીંગવડ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી ડુંગરપુર ગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલીવારસ દ્વારા રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆ શહેરના સુન્ની મુસ્લિમો દ્વારા કુંડો કી ન્યાઝનું આયોજન




દે.બારીઆ,

દે.બારીઆ શહેર તથા પંથકના એહલ સુન્નત વલ જમાઅતના પ્યારા સુન્ની મુસ્લિમો તથા હનફી મસ્લકના પેશવા ઈમામ અબુ હનીફા ર.દી.અ.ના ઉસ્તાદે મોહતરમ હજરત ઈમામે જાફર સાદિક ર.દી.અ.જે ઈમામ બાકરવય ર.દી.અ.ના સુપુત્ર છે. તથા તેમના વસલ હજરત ઈમામ જૈનુલ આબિદીન ર.દી.અ.થી હજરત ઈમામ હુસૈન ઈબ્ને અલી ર.દી.અ.ના હાશિમ ખાનદાનમાં છે. એવા ઈમામે જાફર સાદિક ર.દી.અ.જેઓની કુંડો કી ન્યાઝ થી મશહુર છે. ૨૨ રજ્જબની રાતમાં અલ્લાહએ ગૌષીયતે કુબાના અઝીઝ અઝીમ નૈમત મળવાથી તેઓએ શુક્ર અદા કરવા માટે ખુશીમાં દુધ અને ચોખામાંથી બનેલી ખીર બનાવી બતોરે તુર્બુરકાત પોતાના દોસ અસ્બાબ આમંત્રણ આપી ગોષીયતે કુબા હાસીલ હોને પર કુંડો કી ન્યાઝનુ ખુદ ઈમામે ઝાફર સાદિક ર.દી.અ.સંયોજન કર્યુ હતુ. તે પણ માટીના કુંડામાં કેમ કે આકાની સુન્નત અદા થાય તે હેતુ સાથે તે વખતથી આ કુંડો કી ન્યાઝનુ ઘણા એહતેરામ સાથે આયોજન કરતા આવ્યા છે. જેથી તેમના અનુયાયીઓ એટલે મીઠા મીઠા સુન્ની બિરાદરો આ ન્યાઝનુ ઘણા આદર સાથે ૨૨ રજ્જબ એટલે તા.૦૭/૦૩/૨૦૨૧ રવિવારના રોજ તમામ ઘરોમાં પોતાની યથા શકિત મુજબ ન્યાઝ કરી હતી. અને તા કયામત સુધી કુંડો કી ન્યાઝનુ આયોજન ઈન્શાઅલ્લાહ થતુ રહેશે.

# ગોધરાના દાઉદી બોહરા સમાજના આમીલ સાહેબ જનાબ દાઉદ ભાઈસાહેબ નુરૂદ્દીન સાહેબનું અવસાન

ગોધરા,

ગોધરા દાઉદી બોહરા સમાજના આમીલ સાહેબ જનાબ દાઉદ ભાઈસાહેબ ગુરૂદ્દીન જે દાઉદી બોહરા સમાજના ૫૩ માં દાઈ સૈયદના અબુજાફરૂસ્સાદીક આલીકદર મુફદ્દલ સૈફુદીન સાહેબ (ત.ઉ.શ.)ના ગોધરાના પ્રતિનિધી તેમ દાઉદી બોહરા જમાત ગોધરાના પ્રમુખશ્રી નું તારીખ ૫/૩/૨૦૨૧ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. આપ સાહેબે ૫૩ વર્ષથી આમીલ સાહેબ તરીકે દેશ-વિદેશમાં સેવા આપેલ છે અને ગોધરા મુકામે તેઓ છેલ્લા બે વર્ષથી સેવા આપી રહયા હતા. આપના અવસાનના સમાચાર જાણી દાઉદી બોહરા સમાજના ભાઈઓ, બહેનો તેમજ બાળકો એ ઉંડી આઘાતની લાગણી અનુભવી અને દુઃખ વ્યક્ત કર્યુ છે. તેમની દફનવિધી દાઉદી બોહરા કબ્રસ્તાન-ગોધરા માં થયેલ છે,

અંતિમવિધીમાં મોટી સંખ્યામાં બહોરા સમાજના બિરાદારો હાજર રહીને શ્રધ્ધાંજલી અર્પી હતી.

દુઆ કરીએ છીએ કે અલ્લાહ તઆલા મર્હુમને જન્નતના આલા દરજામાં વસાવે અને કુટુંબીજનો તેમ તાજીયતદારોને સબ્ર કરવાની હિંમત આપે.

# ધાનપુર કૌટુંબી ગામે ગેરકાયદેસર પશુઓની હેરાફેરી કરતાં બે ઈસમોને પોલીસે ઝડપ્યા

ધાનપુર,

ધાનપુર તાલુકાના કૌટુંબી ગામેથી ગેરકાયદેસર રીતે પશુઓની હેરાફેરી કરતાં બે ઈસમોને પોલીસે ઝડપી પાડી બે પીકઅપ ગાડીમાં ભરી રાખેલ ૦૯ ભેંસો સહિત ગાડીઓની કિંમત મળી કુલ રૂા.૧૦,૭૦,૦૦૦ (દશ લાખ સિત્તેર હજાર રૂપીયા)નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર પશુઓની હારેફેરી સહિત પશુઓનું કતલ કરી તેઓના માંસનુ વેચાણ કરતાં તત્વો પર પોલીસ હાલ બાજ નજર રાખી રહી છે અને આવા ઈસમો વિરૂધ્ધ પશુ અધિનિયમના ગુન્હા હેઠળ કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરી રહી છે ત્યારે ધાનપુર પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ કૌટુંબી ગામે બે ઈસમો પોતાના કબજાની બે પીકઅપ ગાડીમાં નવ જેટલી ભેંસોને ગેરકાયદેસર ભરી કતલખાને લઈ જતાં હોવાની પોલીસને બાતમી મળતાં કૌટુંબી ગામે પોલીસ વોચ ગોઠવી ઉભા હતાં તે સમયે બાતમીમાં દર્શાવેલ બે ઈસમો બે પીકઅપ ગાડી લઈ પસાર થતાં પોલીસે તેઓને ચારેય તરફથી ઘેરી લીધા હતાં અને તેઓની સઘન પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો અને આખરે આ ભેંસો કતલખાને લઈ જવાતી હોવાની પોલીસે પુષ્ટિ થતાં તેઓએ આ બંન્ને ઈસમોની અટકાયત કરી બંન્ને પીકઅપ ગાડી તેમજ ભેંસો મળી કુલ ૧૦,૭૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના ખરોડ ગામે કુવાના કુટવાલ બાબતે તકરારમાં ત્રણ વ્યક્તિને મારી નાંખવાની ધમકી

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોડ ગામે કુવાના કુટવાલ બાબતે થયેલ ઝઘડામાં ચાર જેટલા ઈસમોએ એકસંપ થઈ લાકડી વિગેરે જેવા હથિયારો ધારણ કરી ત્રણ જેટલા વ્યકિતઓને માર મારી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

ખરોડ ગામે જોહા ફળિયામાં રહેતા સનુભાઈ હિરાભાઈ ભોહા, સુભાષભાઈ હિરાભાઈ ભોહા, રાજુભાઈ સનુભાઈ ભોહા અને હિરાભાઈ મગનભાઈ ભોહા ગત તા.૦૩ માર્ચના રોજ પોતાના જ ગામમાં રહેતા સુરેશભાઈ વિરસીંગભાઈ ભોહાના ઘરે લાકડીઓ સાથે ઘસી આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, કુવામાં ઉતારેલ પાણી ખેંચવાનો કુટવાલ અમારો છે અને અમોએ કુવામાંથી બહાર કાઢેલ છે, તમે બીજા માણસોને કેમ પુછવા માટે મોકલો છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ દિનેશભાઈ વિરસીંગભાઈ શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત સુરેશભાઈ વિરસીંગભાઈ ભોહાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી ભોહા, સુરેશભાઈ ભોહા અને તેમની સાથેના બીજા માણસને લાકડી વડે તેમજ ગડદાપાટુનો માર મારી છે.










Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 165

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ગોધરા નગરપાલિકામાં ચુંટણી ચકાસણી અધિકારીની કેમ ચુક ??

# ભાજપની રજૂઆત સામે અપક્ષ વિજેતાએ રજૂ કરેલા પુરવા

ગોધરા,

હવે ગોધરા નગરપાલિકાની ચુંટણીમાં સત્તાના સમીકરણો અંતિમ દિશામાં છે તેવા સમયે વોર્ડ નં-૭ના વિજેતા અપક્ષ મહિલા ઉમેદવાર ચાર સંતાનની માતા હોવા છતાં પોતાના પુરાવા છુપાવીને ઉમેદવારી કરીને વિજેતા બની છે. જેના કારણે ભાજપ દ્વારા અપક્ષ વિજેતા ઉમેદવારને ઘરભેગા કરવાની માંગ કરવામાં આવી છે. પંરતુ આ વિજેતા મહિલાએ માત્ર બે સંતાનની માતા હોવાના પુરાવા રજૂ કરીને ભાજપને પડકાર ફેંક્યો હતો. હવે જોવું રહ્યું કે તંત્ર શું નિર્ણય લે છે.

એક અઠવાડિયુ પુર્ણ થતાં ગોધરા નગરપાલિકાની ચુંટણીમાં માહોલ સમતળ થયો છે. હવે અપક્ષ અને અન્ય પક્ષો વચ્ચે પ્રમુખ પદે ખેંચતાણ સર્જાઈ છે. હાલ પ્રમુખ પદ માટેની રસાકસી જામી છે. અને અનેક દાવેદારો પ્રમુખ પદ માટે માંગ કરતા ભાજપ તથા અપક્ષો પણ વટનો સવાલ રહ્યો છે. ત્યારે ગત તા.૦૬/૦૩/૨૧ના રોજ વોર્ડ નં-૭ના ઉમેદવાર ફેમીદા જાવેદ વલીવાંકાને બે કરતા વધુ પુત્ર હોય તેવો આક્ષેપ સાથે ભાજપના મહામંત્રી અને ગોધરા શહેર ઉપપ્રમુખ દ્વારા એવી રજુઆત કરવામાં આવી હતી કે, વોર્ડ નં-૭ના વિજયી થયેલ ઉમેદવારે ૨ થી વધુ પુત્ર છે.જેથી નિયમોનુસાર ભંગ થઈ રહ્યો છે જેથી સભ્ય પદ રદ્દ થાય તેવુ ધ્યાનમાં આવે છે. આ પ્રકારે જિલ્લા કલેકટરને રજુઆત સાથે અરજી કરી હતી. પરંતુ આ વિવાદ બાદ પોતાની સ્પષ્ટા કરનાર વિજેતા એવા વોર્ડ નં-૭ના વિજેતા ઉમેદવાર ફેમીદા જાવેદ વલીવાંકા એ પંચમહાલ સમાચાર સમક્ષ પહોંચીને પોતે માત્ર બે જ સંતાન છે તેના પુરાવા જાણ કરી હતી. જેના પરથી જાણવા મળેલ છે કે, વોર્ડ નં-૭ના ફેમીદા જાવેદ વલીવાંકાને ભાજપ દ્વારા કરેલ દાવાના ખોટા હોય તેમ જણાઈ રહ્યુ છે. હવે રાજકિય કાયદા ખેલાઈ રહ્યા છે. માત્ર રાજકીય રીતે નુકસાન કરવાના કાવતરા કરવાના હોવાનું તેઓએ આક્ષેપ સાથે જણાવ્યું હતું. અત્રે નોંધનીય છે કે, જે તે સમયે ઉમેદવારી પત્ર ભર્યા દરમિયાન પ્રાંત અધિકારીએ ચકાસણી દરમિયાન શું કામગીરી કરી હતી તે પ્રશ્નો ઉભા થવા પામ્યા છે. વિજેતા ઉમેદવાર બન્યા પછી આવા વિવાદોનુ ઘર થયુ છે તેવા સમયે તંત્ર હંમેશ પ્રમાણે પારદર્શક કામગીરી કરશે કે કેમ ? તે જોવુ રહ્યુ.




### વોર્ડ નં-૭ના વિજેતા અપક્ષ મહિલા ઉમેદવાર ચાર સંતાનની માતા હોવાની આક્ષેપ હતાં

### ભાજપની કુટનીતિ કેટલી સફળ થશે ??

પ્રમુખ પદની ચૂંટણી માટે ગોધરા નગરપાલિકાની સત્તામાં ચૂંટાયેલા ભાજપ અને અપક્ષો વચ્ચે ભારે કાંટાની ટક્કર જામી છે. કોઈપણ ભોગે પ્રમુખ પદ હાંસલ કરવા માટે ભાજપ કાવા-દાવા કરી રહયું છે અને અપક્ષોને હેરાનગતિ કરાઈ રહી હોય તેમ જોવા મળી રહ્યું છે અને ૪ સંતાનની માતા ન હોવા છતાં ખોટા પૂરાવા રજૂઆ કરીને હેમ-ખેમ પ્રકારે સભ્ય પદ રદ્દ કરવાની ભાજપ મથામણ કરી રહ્યું છે. પરતું ભાજપની આ કુટનિતિ કેટલી સફળ થશે ??

### ભાજપે ગેરલાયક ઠરવા માટે કરેલી રજૂઆત

ગોધરા નગરપાલિકાની સત્તા માટે ભાજપ અને અપક્ષો વચ્ચે ચેંખતાણ સર્જાતા બન્ને જૂથો વચ્ચે સટો-સટીનો ખેલ સર્જાઈ રહ્યો છે અને સભ્યોના આકાડાકીય માયાજાળ ખેલીને ભાજપ પોતાની સત્તા હાંસલ કરવા માંગે છે. તેમાં આ લઘુમતી મહિલા ઉમેદવારને ૪ સંતાનની માતા હોવાના આક્ષેપો કરીને સત્તાથી વિમુખ રાખવાની મથામણો કરાઈ હતી અને ભાજપે આ ચૂંટાયેલા અપક્ષ મહિલા ઉમેદવારને ગેરલાયક ઠેરવાની માંગ કરાઈ હતી.

# મોરવા(હ)તાલુકાના પ્રા.શાળાના બે શિક્ષકોના કોરોના રિપોર્ટ પોઝીટીવ

મોરવા(હ),

મોરવા(હ)તાલુકાના મોજરી અને આગરવાડા પ્રા.શાળાના બે શિક્ષકોના કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતા શિક્ષકોને હોમ કોરેન્ટાઈન કરાયા છે. શિક્ષકોના રિપોર્ટ પોઝીટીવ આવતા વાલીઓ ચિંતીત બન્યા છે.

કોરોના મહામારીને લઈ શાળાઓ બંધ રહેતા શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપર ભારે અસર પડી છે. સાત મહિના બાદ માંડ પ્રા.શાળાઓ ધો-૬ થી ૧૨ના વર્ગ શરૂ કરાયા છે. અને વાલીઓ દ્વારા બાળકોને અભ્યાસ અર્થે મોકલવાનુ શરૂ કરેલ છે. હજુ માંડ શાળાઓ શરૂ થયાને માંડ બે સપ્તાહનો સમય થયો છે ત્યારે મોરવા(હ)તાલુકાના આગરવાડા અને મોજરી પ્રા.શાળાના બે શિક્ષકોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આગરવાડા પ્રા.શાળાના શિક્ષક ચુંટણીમાં આગરવાડા ગામે ફરજ બજાવી હતી. મોરવા(હ)તાલુકાની શાળાના બે શિક્ષકો કોરોના પોઝીટીવ આવતા બંને શિક્ષકોને હોમ કોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. શિક્ષકોના પોઝીટીવ આવતા તાલુકા વિકાસ અધિકારી એકશનમાં આવ્યા છે. બંને શાળાઓને સેનેટાઈઝ કરવામાં આવી છે.શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ ચિંતીત બન્યા છે.


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

# ભાજપની ૨૦૨૨ની સી.આર.પાટીલની રણનીતિના સમીકરણો પ્રમાણે જિલ્લા/તાલુકાના પ્રમુખ કેવાં હોવાં જોઈએ ?

કાલોલ,

કાલોલ તાલુકાની પ્રજા કેવાં પ્રમુખની કરે છે માંગ? પંચમહાલ જિલ્લામાં ગત દિવસોમાં જ જિલ્લા/તાલુકાના સ્વરાજ્યની ચૂંટણીમાં પરીણામ બહાર આવતાં હવે પ્રમુખ/ઉપપ્રમુખ બનાવા બેઠકો માટે દોડધામ.

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં જિલ્લા/તાલુકાના ઉમેદવારોની સ્વરાજ્યની ચૂંટણીઓનાં વિજય મેળવી કાલોલ જિલ્લા ખાતે ભાજપએ ૫ બેઠક પર વિજય મેળવ્યો અને તાલુકાનાની ૨૪ બેઠકો પર બે બિનહરીફ અને ચુંટણી જંગમાં ૨૦ પર વિજય મેળવ્યો હતો. જેથી કુલ તાલુકા પંચાયતની ૨૨ બેઠકો પર ધરખમ વિજય મેળવ્યો હતો. જ્યારે બે બેઠકો પર અપક્ષે વિજય મેળવ્યો હતો. હવે ભાજપની ૨૨ બેઠકો પરના ભારે હવે તાલુકા પ્રમુખ નાં ભાજપ મેન્ડે માટે સૌ પ્રથમ સમીકરણો માટે બેઠક કાલોલ નગરમાં યોજાઈ હોવાનું જણાઈ આવ્યું હતું. પંરતુ કાલોલ તાલુકામાં સ્વરાજ્યની ચૂંટણીઓમાં જેમ ત્રિપાંખિયો જંગ ખેલાયો હતો. તેમ કાલોલ તાલુકાના ભારતીય જનતા પાર્ટીમાં ત્રણ પ્રકારના વિભાજનથી પ્રમુખની ચર્ચાઓ જાણવા મળી રહી છે. હાલ તાલુકાના પ્રમુખ માટે એમ તો સામાન્ય બે બેઠકો પરના વાવડો જાણવાં મળી આવે છે. પરંતુ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલની ૨૦૨૨ની ભાજપની રણનીતિના સમીકરણો પ્રમાણે કેટલાય કાર્યકર્તાના ઓડકાર ઊમરેજ રહી ગયાં હતાં. જેથી તાજેતરમાં જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણીમાં અંત સુધી ભાજપના મેન્ડેડ માટે ઉમેદવારોની કાગડોળે રાહ જોવી પડી હતી. જેથી ત્રિપાંખિયા જંગની માફક કાલોલ તાલુકા પંચાયતની ખુરશી માટે હાલ હિંદુત્વના સમર્થક, સંબંધિત અને રૂણની ચુકવણીના આમ ત્રિપાંખિયા દાવ પેજ નાં સમીકરણો લોક ચર્ચાએ જાણવાં મળી રહે છે.ભારતીય જનતાં પાર્ટીની ૨૦૨૨ ની રણનીતિના સમીકરણો પ્રમાણે હજુ અંત સુધી કાલોલ તાલુકાના પંચાયતની ખુરશી માટેનાં ત્રિપાંખિય ખેંચતાણમાં હવે ભારતીય જનતા પાર્ટી કાલોલનાં કઈ બેઠકનાં ઉમેદવાર પર પ્રમુખનો કળશ ઢોળી કોના માથે તાજનો મુગટ પહેરાવશે તે હવે સમય જ બતાવશે.

# ગોધરા તાલુકાના ગદુકપુર ગામની પરિણિતા સાથે બળજબરીથી દુષ્કર્મ

ગોધરા,

ગોધરા તાલુકાના ગદુકપુર ગામની પરિણિતાના ઘરમાં આરોપી ઈસમ ઘુસી જઈને મહિલાની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યુ હતુ જયારે બીજીવાર જંગલમાં લાકડા વિણવા ગયેલ હોય ત્યારે આરોપીએ બળાત્કાર કરી ગુનો કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવવા પામી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગોધરા તાલુકાના ગદુકપુર ગામે રહેતી ૩૧ વર્ષિય પરિણિતા ઉપર ફેબ્રુઆરી માસમાં ગામમાં રહેતા ગોવિંદભાઈ બાબુભાઈ નાયકના ઘરમાં ઘુસી ગયો હતો અને ફરિયાદી પરિણિતાને મોંઢુ દબાવીને ઘરની બહાર ઢસડી જઈને મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યુ હતુ. જયારે બીજી વાર મહિલા જંગલમાં લાકડા વિણવા ગઈ હતી ત્યારે આરોપીએ મહિલાને કોતરમાં ખેંચી જઈને બળાત્કાર કર્યો હતો. આ બનાવ અંગે ફરિયાદી અને આરોપી પક્ષે આગેવાનોની હાજરીમાં સમાધાન થયેલ હતુ. તેમ છતાં આરોપી દ્વારા ધાક ધમકીઓ આપતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# શહેરા ખાતે પ્રજાપતિ બ્રહ્મકુમારી દ્વારા ૮૫મી શિવજયંતિની ઉજવણી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા ખાતે શિવરાત્રીના પર્વના ભાગરૂપે પ્રજાપતિ બ્રહ્મા કુમારી ઈશ્વરીય વિદ્યાલય દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ રાજયોગ દ્વારા મહાપરિવર્તન મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં બ્રહ્માકુમારી સંસ્થાના સુરેખા દીદી, રતનદીદી સહિત સ્થાનિક કચેરીના અધિકારીઓ તેમજ ભાવિકો હાજર રહ્યા હતા. બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા ૮૫મી શિવજંયતીની ઉજવણી કરવામાં આવી હતી.

# ગોધરા ભુરાવાવ વિસ્તારમાં શહેરાથી મારૂતિવાનમાં લવાતો ગૌમાંસના જથ્થા સાથે બે ઈસમો ઝડપાયા



ગોધરા,

ગોધરા બી-ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, શહેરાથી મારૂતિવાનમાં ભુરાવાવ થઈને બી-ડીવીઝન પોલીસ મથકે વિસ્તારમાં લઈ જનાર છે. જેના આધારી વોચ ગોઠવી પોલીસે મારૂતિવાનમાંથી ૫૦ કિલો ગૌમાંસના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકના પી.આઈ.ને ખાનગી બાતમી મળી હતી કે, મારૂતિવાન નંબર જીજે-૦૬-એફકયુ-૨૭૮૮માં શહેરાથી ગૌમાંસનો જથ્થો ભરીને ભુરાવાવથી લવાઈ રહ્યો છે. બાતમીના આધારે બી-ડીવીઝન પોલીસે વોચ ગોઠવીને બાતમીવાળી મારૂતિવાનને ઝડપી પાડી હતી. તેની તપાસ હાથ ધરતા બે પ્લાસ્ટિક થેલામાંથી ૫૦ કિલો ગૌમાંસ કિ.રૂ.૧૧,૫૦૦/-અને મારૂતિવાન કિ.રૂ.૮૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથે તૌસીફ ખાલીદ શેખ અને આસીફ ઉર્ફે બોબડિયો ખાલીદ શેખ (રહે.ગેની પ્લોટ)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ બાબતે બી-ડીવીઝન પોલીસે બંને આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા મોરવા(હ)ની ધી કૃષિકર ઉચ્ચતર અને માધ્યમિક હાઈસ્કુલમાં જળ સંચળ મિશન અંતર્ગત જળ બચાવો જીવન બચાવો વિષય પર ચિત્ર સ્પર્ધા અને નિબંધસ્પર્ધા યોજી સ્પર્ધકોને સર્ટીફીકેટ અને ટ્રોફી આપવામાં આવી હતી સાથે મોરવા(હ)ના નહેરૂ યુવા કેન્દ્રના યુવક તેમજ મહીલા મંડળો ના રમતગમતની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને પ્લાસ્ટિક મુકત ભારત માટે કાપડની બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જળ બચાવવા માટે પ્રતિજ્ઞા પણ લેવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન એન વાય.વી. કરણસિંહ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલીયા હરીસીંગભાઈ પુનાભાઈ
મુ. હીન્દોલીયા,
તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાઠવા રમણભાઈ ગમીરભાઈ
મુ. વાંદર,
તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

નાયક રમણભાઈ ગુરજીભાઈ
મુ. આમલી પાણીછોતરા,
તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કે. જે. શાહ
મુ. બામણા,
તા. મોરવા(હ)